Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-3, December-2019
Impact Factor:4.081
www.researchguru.net

# શ્રી ગિજુભાઈ બધેકાની શિક્ષણ પદ્ધતિઓમાં કાવ્યગાન પદ્ધતિની વિશેષતાઓ

શ્રી નરેન્દ્રકુમાર જી. નાયી
પ્રાધ્યાપક, શિક્ષણ વિભાગ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર-૩૮૨૦૨૪ મો. 9824971819 Email ID:
narendrabhainayee@gmail.com

***સારાંશ:*** *ગુજરાતી સાહિત્યકારોમાં શ્રી ગિજુભાઈ બધેકાનું સ્થાન બાળ સાહિત્યના ક્ષેત્રે સુવર્ણ અક્ષરે લખાયેલું છે.બાળકોને કેન્દ્ર સ્થાને રાખીને લખાયેલા તેમના ગ્રંથોમાં તત્કાલીન શિક્ષણ વ્યવસ્થા અને શિક્ષણની પદ્ધતિઓ આબેહૂબ રીતે સ્પષ્ટ જોવા મળે છે.તે સમયના આચાર્યો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ કેવા હતા તેનો ચિતાર સુપેરે પ્રગટ કરવામાં આવ્યો છે ઉપરાંત તેમણે આપેલી વિવિધ પદ્ધતિઓમાં કાવ્ય ગાન પદ્ધતિની ખૂબી સવિશેષ જોવા મળે છે.*

***ચાવીરૂપ શબ્દો*** *: શિક્ષણ- શાળામાં આપવામાં આવતી તાલીમ ,કાવ્યગાન: વિશિષ્ટ રીતે રાગ યુક્ત રજૂઆત, વિશેષતાઓ:સારી બાબતો*

---

શ્રી ગિજુભાઈ બધેકાએ શિક્ષણના ક્ષેત્રે તત્કાલીનશિક્ષન વ્યવસ્થા,વાર્તા દ્વારા શિક્ષણ, ઈતિહાસ શિક્ષણની પદ્ધતિઓ, શ્રુત લેખન, વ્યાકરણ શિક્ષણ શીખવવાની પદ્ધતિની જેમ કાવ્યગાન વર્ગમાં કઈ રીતે અસર કરે છે તેના વિશે ઝીણવટ પૂર્વક રજૂઆત કરેલી છે. પ્રખર શિક્ષણશાસ્ત્રી શ્રી ગિજુભાઈ બધેકાને બાળ સાહિત્યના પિતામહ, બાળકોના ગાંધી,સાહિત્યના બ્રહ્મા અને સવિશેષ મૂશાળીમાં તરીકે ઓળખવામાં આવે છે.પ્રાથમિક શિક્ષણમાં બાળકોને કેન્દ્રમાં રાખીને શિક્ષણ આપવાનો વિચાર અને તેને મૂર્તિમંત કરતા તેમના સાહિત્યમાં “બાલદર્શન”,”માબાપ થવું અઘરું છે”, “પ્રાથમિક શાળા માં શિક્ષક” અને “દિવાસ્વપ્ન” તેમના ચિરસ્મરણીય ગ્રંથો છે.

દિવાસ્વપ્ન એ પ્રાથમિક શિક્ષણને કેન્દ્રમાં રાખીને લખાયેલ તેમનું ઉત્તમ પુસ્તક છે.ચાર વિભાગમાં વહેચાયેલા આ પુસ્તકમાં અધ્યાપનને કઈ રીતે અસરકારક બનાવી શકાય તેના વિવિધ પ્રયોગો રજૂ કરેલા છે.તત્કાલીન શિક્ષણ વ્યવસ્થા અને શિક્ષણની પદ્ધતિઓ આબેહૂબ રીતે સ્પષ્ટ જોવા મળે છે.જેમકે વિદ્યાધિકારી, શિક્ષકો, આચાર્યો અને શિક્ષકો નવા પ્રયોગો અને પદ્ધતિઓ કરવામાં માનતા નહીં, વિદ્યાર્થીઓને ગોખાવવું, અધિકારીઓની ખુશામત કરવી વગરે પ્રકારના વર્તન –વલણો શિક્ષકમાં જોવા મળતા. તેને તેમણે યોગ્ય ગણવ્યા ન હતા. તે સમયે વિદ્યાર્થીઓ તોફાનો કરતા ,શિક્ષકોની મશ્કરી કરતા જેવા બાળકોના વર્તનો અધ્યયન પ્રક્રિયામાં રુકાવટ કઈ રીતે દાખલ કરતા તેની ચિંતાતેમણે સ્પષ્ટ રજૂ કરેલી છે.

ગિજુભાઈ બધેકાએ વિદ્યાર્થી સ્વચ્છ બને, શાંતિથી રહે વિવિધ પ્રવૃતિઓમાં જોડાય અને વર્ગમાં સ્વયં શિસ્ત આવે તેવા પ્રયત્નો કઈ રીતે થાય તે માટે અથાક પ્રયત્નો કરેલા હતા. તે સમયે બાળકોને બેલ પડે તેનો ડર હતો. શાળા પ્રવેશની બીક , શિક્ષક અને આચાર્યની બીક પરીક્ષાનો ડર આ બધાની જગ્યાએ ક્ષમતા પર ભાર મુક્યો છે. શાળામાં અભ્યાસ કરતા વિવિધ વિષયોના અભ્યાસક્રમને પીરસતાં પહેલા જરૂરી સુધારા કરી શિક્ષણ કાર્ય કરવું જોઈએ. પ્રાથમિક શાળાનો શિક્ષક વાર્તા કથનની સાથે સાથે કાવ્યનું ગાન પણ કરે તેવી ક્ષમતા તેનામાં હોવી જોઈએ એના માટે ગિજુભાઈ બધેકાએ અધ્યયનના વિચારો રજૂ કર્યા છે.

ગિજુભાઈ બધેકાએ બાળકોને ઈશ્વર, આત્મા, ધર્મનું શિક્ષણ આપવાને બદલે રમવા કૂદવાનું તેમજ સંગીત સાથેનું ગાન બાળકોને પીરસવું જોઈએ તે પ્રમાણે કહ્યું છે. ભાષા શિક્ષણમાં કાવ્ય ગાનનું ખૂબ મહત્વ રહેલું છે, ત્યારે આપણને તેમના “દિવાસ્વપ્ન” પુસ્તકમાં શિક્ષણમાં કાવ્ય ગાન કઈ રીતે અસર કરે છે તેનું મહત્વ સમજાવતા તેમને શિક્ષકે લોકગીતો દ્વારા કવિતા શિક્ષણનો પાયો નાખવો જોઈએ તે પ્રમાણે કહ્યું છે. તેમણે લોકસાહિત્યમાં લોકગીતોનું ગાન એ આપણું ઘરેણું છે તેમ કહી વર્ગખંડમાં કાવ્ય-શિક્ષણ દરમિયાન લોકગીતોનું ગાન કરાવ્યું હતું. તેઓ કાવ્યગાન એ જીવનનો આનંદ છે તેવું માનતા.કવિતા એ આત્માની અમૃતકળા છે, પણ કાવ્યગાન કરવું અને કરાવવું એ સહજ છે. કવિતાને

આત્મસાત કરવી અને સાથે સાથે ગાન કરવાની પ્રક્રિયા અગરી છે. શરૂઆતમાં વિદ્યાર્થીઓ કાવ્યગાન કરી શકતા નહતા. કારણકે તેમને વ્યવસ્થિત ગાન કરવાની ટેવ નહતી એટલે શિક્ષક ગાનનું વારંવાર રટણ કરાવતા બેસૂરા અવાજ ને કારણે કેટલાક ચાળા કરવા લાગ્યા, કેટલાક મશ્કરી કરતા જે વિદ્યાર્થીઓને કાવ્ય ગાન આવડતું નહોય તેમને અલગ બેસાડવામાં આવતા પરંતુ વારંવાર ગાન કરાવતા વિદ્યાર્થીઓને રસ વધ્યો તેમને શાળની બહાર ગાવાનો હુકમ આપ્યો. ગમે ત્યાંથી રસપ્રદ કવિતાઓ શોધી તેઓ ગાન કરતા. છોકરાઓ ગામમાં ભેગા થઈને ગીતોનું ગાન કરવા લાગ્યા, કાવ્યગાનની આ પદ્ધતિને કારણે રોજે રોજ નવી કવિતાઓ છોકરાઓ ગાવા લાગ્યા, આમ કરતા કરતા વિદ્યાર્થીઓને પાંચ- પંદર કવિતાઓ મોઢે થઇ ગઈ. આમ, વારંવાર શિક્ષક વિદ્યાર્થીઓને કાવ્યોનું ગાન કરાવે તો વિદ્યાર્થીઓને ખૂબ રસપ્રદ લાગે છે.

ઉપસંહાર: આમ,ઉપરોક્ત રીતે ગિજુભાઈ બધેકાએ બાળકોને અનુલક્ષીને આપેલી વિવિધ પદ્ધતિઓમાં કાવ્યગાન પદ્ધતિની વિશેષતાઓ જોઈ શકાય છે.

**સંદર્ભ સૂચિ:**


૧) પાઠક, રામનારાયણ (૨૦૦૧), **બાલશિક્ષણ પ્રણેતા ગિજુભાઈ**, સંસ્કાર સાહિત્ય મંદિર, અમદાવાદ

૨) બધેકા, ગિજુભાઈ (૨૦૦૪), **દિવાસ્વપ્ન**, સંસ્કાર સાહિત્ય મંદિર, અમદાવાદ